Sunday
28.09.2025
*Volume :10 * Issue No.79
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કોલકાતામાં સંતોષ મિત્ર સ્કવેર દુર્ગા પૂજા પંડાલ અને પૂર્વીય ઝોનલ સાંસ્કૃતિક કેન્દ્ર દુર્ગા પૂજા પંડાલનું ઉદ્ઘાટન કર્યું

દેવી દુર્ગાના આશીર્વાદથી, આગામી વિધાનસભા ચૂંટણીમાં બંગાળમાં 'સોનાર બાંગ્લા' બનાવવા માટે સરકાર બનશે

ચાલો આપણે બધા સાથે મળીને બંગાળના વિકાસ દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા વિકસિત ભારતનું સ્વપ્ન પૂર્ણ કરીએ

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં સંતોષ મિત્ર સ્કવેર દુર્ગા પૂજા પંડાલ અને પૂર્વીય પ્રાદેશિક સાંસ્કૃતિક કેન્દ્ર દુર્ગા પૂજા પંડાલનું ઉદ્ઘાટન કર્યું હતું. ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કોલકાતાના કાલીઘાટ મંદિરમાં દેવી કાલીની પૂજા પણ કરી હતી. સંતોષ મિત્ર સ્કવેર દુર્ગા પૂજા પંડાલના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે નવરાત્રિ દરમિયાન નવ દિવસનો પૂજાનો ઉત્સવ ફક્ત બંગાળ અને ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં ખૂબ જ પ્રખ્યાત બન્યો છે. તેમણે કહ્યું કે બંગાળની આ મહાન પરંપરાને સમગ્ર વિશ્વમાં ખૂબ જ આનંદથી જોવામાં આવી છે અને સ્વીકારવામાં આવી છે. નવ દિવસ સુધી, બંગાળમાં દરેક વ્યક્તિ, પછી ભલે તે બાળકો હોય, નાના હોય કે વૃદ્ધ, શક્તિની ઉપાસનામાં પોતાને સમર્પિત કરે છે. શ્રી શાહે કહ્યું કે આ નવ દિવસ બંગાળ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે આપણે બધાએ બંગાળના વિકાસ દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કલ્પના કરાયેલ વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ. શ્રી શાહે કહ્યું કે દેવી દુર્ગાના આશીર્વાદથી, આગામી વિધાનસભા ચૂંટણીમાં બંગાળમાં એક સરકાર બનશે જે 'સોનાર બાંગ્લા'નું નિર્માણ કરશે. તેમણે કહ્યું કે બંગાળ ફરી એકવાર સુરક્ષિત, સમૃદ્ધ, શાંતિપૂર્ણ, સમૃદ્ધ બનશે અને કવિ-ગુરુ રવિન્દ્રનાથ ટાગોર દ્વારા કલ્પના કરાયેલ બંગાળનું નિર્માણ થશે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કોલકાતામાં તાજેતરના ભારે વરસાદને કારણે ૧૦થી વધુ લોકોના મોત પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે કહ્યું કે અમે તમામ અસરગ્રસ્ત પરિવારોના દુઃખમાં સહભાગી છીએ. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ મહાન શિક્ષણશાસ્ત્રી અને સમાજ સુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને તેમની જન્મજયંતી પર શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે ગુલામીના દિવસોમાં આદરણીય ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર દ્વારા માત્ર બંગાળમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં શિક્ષણ ક્ષેત્રે આપેલા યોગદાનને કોઈ ભૂલી શકે નહીં. શ્રી શાહે કહ્યું કે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરજીએ પોતાનું આખું જીવન બંગાળી ભાષા, સંસ્કૃતિ, વ્યાકરણ અને મહિલા શિક્ષણ માટે સમર્પિત કર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં ગુજરાત સહિત દેશવાસીઓને સ્વદેશી 4G નેટ્વર્કની ભેટ આપી - મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ

વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરતો આ કાર્યક્રમ સ્વદેશીનો વિચાર તેમજ રાષ્ટ્રીય ગૌરવનો વિષય સાબિત થશે -કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વદેશી BSNL 4G નેટવર્કનું ઝારસુગાડા, ઓડિશા ખાતેથી લોન્ચિંગ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રીભુપેન્દ્ર પટેલે BSNL નીસિલ્વર જુબિલીઅને ગુજરાતના ૪ હજાર સહિત દેશભરમાં ૯૨ હજારથી વધુ સ્વદેશી 4G ટાવરોના ઉદઘાટન પ્રસંગે શુભેચ્છાઓઆપતાં જણાવ્યું હતું કે આદ્યશક્તિની આરાધનાનુ નવરાત્રીપર્વઉજવાઈ રહ્યુંછે ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં દેશવાસીઓને સ્વદેશી ૪૮ નેટવર્કની મોટી ભેટ આપી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વદેશી BSNL 4G નેટવર્કનું ઝારસુગાડા, ઓડિશા ખાતેથી દેશ વ્યાપી લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ લોન્ચિંગ કાર્યક્રમમાં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલઅને કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા જોડાયા હતા. સિલ્વર જ્યુબિલી વર્ષમાં ભારત સંચાર નિગમ લિમિટેડ-BSNL દ્વારા વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતવિઝનને પુષ્ટિ આપતાં 4G સેચ્યુરેશન પ્રોજેક્ટ હેઠળ ૧૪ હજાર કરતા વધુ સાઈટ્સ સહિત ૯૭,૫૦૦ નવી 4G સાઈટ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું. ગુજરાતમાં કાર્યરત થયેલા ૪ હજાર 4G ટાવર માંથી ૯૦૦ થી વધુ ટાવર અતિ દુર્ગમ અનેઅંતરિયાળ તેમજપહાડીઅને આદિવાસી વિસ્તારોમાં કાર્યરત થવાના છે. આના પરિણામે રાજ્યના છેવાડા ના વિસ્તારોને પણ સ્વદેશી ૪૮ કનેક્ટિવિટી મળશે. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે કહ્યું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મતિથિથી વડાપ્રધાનશ્રી વાજપેયીની જન્મજયંતીતા ૨૫ડિસેમ્બર સુધી 'આત્મનિર્ભર ભારત અભિયાન અને હર ઘર સ્વદેશી'નું જન આંદોલન દેશમાં શરૂ થયું છે. સ્વદેશી ૪૮નેટવર્ક ના ઉદ્ઘાટન થી આ અભિયાનનેવધુ વેગમળ્યો છે. તેમણે કહ્યુંહતું કે, BSNL નીટેગ લાઈનછે ''કનેક્ટિંગભારત'' આ ટેગ લાઈન વડાપ્રધાનશ્રી ના વિઝનને એકદમ સુસંગત છે. દેશમાં પાછલા ૧૧ વર્ષમાં રોડ, રેલ, મેટ્રોટ્રેન નેટવર્ક, એર નેટવર્ક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્ક અને સંચાર વગેરે નેટવર્કમાં ક્રાંતિકારી કદમ લઈને કનેક્ટિંગભારતને મૂર્તિમંત કર્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં મેકઈન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયાની સફળતાથી ભારતે વિશ્વમાં ગૌરવ મેળવ્યું છે.દેશમાં અનેક એવા ક્ષેત્રો છે જેમાં ભારત 'આયાતકારમાં થી નિકાસકાર' બન્યું છે. ડિફેન્સ, સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રોનિક્સ જેવા ક્ષેત્રોમાંઅનેક નવાઆયામોખુલ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ભારતનું ટેલિકોમ ક્ષેત્ર પણ આવા જ ૩૬૦ ડિગ્રી બદલાવનું સાક્ષી બન્યુંછે. એકસમય હતોકે વિશ્વના દેશો ભારતને ટેલિકોમ માર્કેટ સમજતાહતા.હવે ભારતે વિશ્વ સ્તરે ટેલીકોમ ક્ષેત્રમાં સોલ્યુશન પ્રોવાઈડર અને પાર્ટનરના રૂપમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. મેઈડ ફોર ઈન્ડિયાને બદલે હવે 'મેઈડ ઈન ઈન્ડિયા મેઈડફોર ધ વર્લ્ડ'ની ચર્ચાથઈ રહીછે તેમતેમણે ગૌરવ સહ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ ગ્રામીણ, અંતરીયાળ, છેવાડાના વિસ્તારોમાં ડિજિટલ કનેક્ટીવિટી પહોંચાડવાનો જે સંકલ્પ કર્યો છે તે ભારતની આત્મનિર્ભરતાની યાત્રામાં એક સીમાચિહ્ન સાબિત થશે. ગુજરાતમાં જે ચાર હજારથી વધુ ટાવરઈન્સ્ટોલ કરવામાંઆવ્યા છે. આનાથી ૧૧,૦૦૦થી વધુ ગામડાઓને 4G મોબાઈલ સેવાનો લાભ મળશે. વડાપ્રધાનશ્રી ના નેતૃત્વમાં ડિજિટાઈઝેશનથી જીવન વધુ સરળ બન્યું છે.દેશમાં ઈન્ટરનેટ કનેક્ટીવિટી વધતા ડિજિટાઈઝેશનને વેગ મળ્યો છે અને તેનાથી ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રનું જન જીવનસરળ બન્યું છે. તેમણે કહ્યું કે, અગાઉ મોબાઈલ માત્ર વાતચીત નું સાધન હતું હવે મોદીજીના નેતૃત્વમાં વધેલી ડિજિટલ કનેક્ટીવિટીના પરિણામે મોબાઈલ ફોન એ વિકાસ અને પ્રગતિનું મહત્વનું સાધન બન્યું છે. દેશના ગામે ગામ કનેક્ટિવિટી મળતાં ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં ડિજિટલ માધ્યમ થી સરકારી સેવાઓ સાથે ઈ-ગવર્નન્સને નવી દિશા મળી છે. તેમણે ઉમેર્યું હતું કે, વિદ્યાર્થીઓ મોબાઈલથી ઘરે બેઠા અભ્યાસ, ખેડૂતોનાપાકનો ડિજિટલસરવે, ઈ-બજારથીમાલનુંખરીદ-વેચાણ અને આરોગ્ય માટે આભા કાર્ડ શક્ય બન્યું છે. જન ધન-આધાર-મોબાઈલ દ્વારા આજે ગરીબને સીધો તેમનો હક તેમના હાથમાં મળી રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી જણાવ્યું કે ગુજરાતમાં ડિજિટલ ગવર્નન્સનો વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં અઢી દાયકાથી લાભ મળી રહ્યોછે.૧૪ હજારથીવધુ ઈ-ગ્રામ કેન્દ્ર પર ૩૨૦થીવધુસેવાઓ બ્રોડબેન્ડ કનેક્ટીવીટીના લીધે ઉપલબ્ધ છે. તેમણે કહ્યું કે,વડાપ્રધાન શ્રી નેતૃત્વમાં આ આખો દશક 'ડેકેડ એ ટેકેડ' છે.વડાપ્રધાનશ્રીનાનેતૃત્વમાં ભારત વિશ્વની ત્રીજી આર્થિક મહાસત્તા બનવા તરફ આગળ વધી રહ્યું છે તેમાં ટેકનોલોજીનું મોટું યોગદાન છે. મુખ્યમંત્રીશ્રીએ દેશમાં જ બનેલી અને વિકસેલી ટેકનોલોજીનો, ચીજ વસ્તુઓનો ઉપયોગ કરીને આત્મનિર્ભર-સ્વદેશી જન આંદોલનને વધુ વેગવંતુ બનાવવા સૌઅનુરોધ કર્યો હતો.

કેન્દ્રીય શ્રમ, રોજગાર, યુવા બાબતો અને રમત મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે,વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સ્વદેશી 4G નેટવર્કનોલોન્ચિંગ કાર્યક્રમદેશ માટે ખૂબ જમહત્વપૂર્ણ પ્રસંગછે. વધુમાં, આજે BSNLની ૨૫મી વર્ષગાંઠની ઉજવણી પણ કરવામાં આવી રહી છે. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરતો આ કાર્યક્રમ સ્વદેશીનો વિચાર તેમજ રાષ્ટ્રીય ગૌરવનો વિષય છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યુંકે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ બદલાઈ રહ્યો છે, સતત આગળ વધી રહ્યો છે અને નયા ભારતનું નિર્માણ થઈ રહ્યુંછે. તેમણે કહ્યું કે, જયારે આપણે વિકસિતભારતના માર્ગપર આગળ વધીએ છીએ, ત્યારે આપણે ફક્ત એક ક્ષેત્રમાં જ નહીં, પરંતુ ઘણા ક્ષેત્રોમાંઆપણી આત્મનિર્ભરતાના સહભાગી બનીએ છીએ. એક સમય એવોહતો, કે ભારત સંરક્ષણ માટે દુનિયામાંથી બંદૂકની ગોળીઓ પણ આયાત કરતો હતો. જ્યારે આજે દેશના સંરક્ષણ સાધનો વિશ્વને નિકાસ કરવામાંઆવી રહ્યા છે. આ ઉપરાંત જયારે દેશમાં રસીની જરૂર હતી અને રસી સંશોધન વૈશ્વિક સ્તરે કરવામાં આવતું હતું. તેમજ સંશોધન પછી, રસીઓ ઓછામાં ઓછા પાંચ કે દસ વર્ષ પછી દેશમાં આવતી હતી. પરંતુ કોવિડ સમયગાળા દરમિયાન તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ વિશ્વમાં પ્રથમ ડોઝ આપ્યાના એક મહિનાની અંદર ભારતીય વૈજ્ઞાનિકો દ્વારા સંશોધન કરવામાં આવ્યું હતું. ભારતીય કંપનીઓ દ્વારા ઉત્પાદિત એક નહીં પરંતુ બે રસીઓ દેશમાં આપવામાં આવી હતી, જે વિશ્વને ખૂબ મોટો સંદેશ આપ્યો હતો,તેમ તેમણેઉમેર્યું હતું. કેન્દ્રીય મંત્રી શ્રી માંડવીયાએ ટેકનોલોજી વિશે કહ્યું હતુંકે, દેશને આગળ વધારવામાં ડિજિટલ ટેક્નોલોજીનો ફાળોખૂબ મહત્વપૂર્ણ છે. વડા પ્રધાનશ્રીના ડિજિટલ ઈન્ડિયાનું વિઝન અંતર્ગત સમગ્ર દેશમાંઅનેક ૪૮ટાવર લગાવવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ ભારતની ભૌગોલિક પરિસ્થિતિ વિશે કહ્યું કે, દેશમાં ત્રણ હજાર કિલોમીટર લાંબી હિમાલયની પર્વતમાળા છે, ૭ હજાર કિલોમીટરથી વધુ દરિયાકિનારો તેમજ કચ્છ અને રાજસ્થાનમાં વિશાળ રણ પણ છે. દેશમાંએક જ સમયે એકજગ્યાએ બરફ પડે છે, તો તે જ સમયે બીજી જગ્યાએ તાપમાન ૫૦ ડિગ્રી હોય છે તેમજ અન્ય સ્થળે વરસાદ પણ પડે છે. આમ, દેશમાં આવા વિવિધતા ભરેલા વાતાવરણમાંપણ આપણી સ્વદેશી ટેકનોલોજીખૂબ ઉપયોગી થઈ શકે છે. મંત્રીશ્રીએ કહ્યું કે, ડિજિટલ ઈન્ડિયાનો અર્થ એ છે કે દેશના ખેડૂતો તેમના ખેતરમાં ઉભા રહીને તેમના મોબાઈલ ફોન પર હવામાનનો નકશો જોઈ શકે અને દેશના કયા બજારમાં પાકનો વર્તમાન ભાવ શું છે તે જાણી શકે છે.આ ઉપરાંત આપણા લાખો માછીમારોસમુદ્રમાં જાય છે, ત્યારે હવામાન ખૂબ મહત્વનું હોય છે. ડિજિટલ ટેકનોલોજીની મદદથી સમુદ્રમાં હવામાનની માહિતી તેમજ માછલી પકડવાની ક્ષમતા જેવા વિષયો પર માર્ગદર્શન મળી શકે. આ ઉપરાંતદેશમાંઘણા જંગલ વિસ્તારો અને આદિવાસી વિસ્તારો છે. ગુજરાતના ડાંગ જેવા દૂરના જિલ્લાઓમાં પણબાળકો ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રાથમિક કે માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરી શકશે. આમ, ડિજિટલ ટેકનોલોજી જીવનમાં પરિવર્તન લાવવામાં મદદ કરી શકે છે, તેમણે ઉમેર્યું હતું. BSNL ગુજરાતના ચીફ જનરલ મેનેજર શ્રી ગોવિંદ કેવલાણીએ શાબ્દિક સ્વાગત કરતાજણાવ્યું હતુંકે, વર્ષ ૨૦૦૦માં શરૂ કરવામાં આવેલ BSNL, તેના ૨૫ વર્ષ પૂર્ણ કરીને સિલ્વર જ્યુબિલીની ઉજવણી કરી રહ્યું છે. વડા પ્રધાનશ્રીના સ્વદેશી ૪૮ નેટવર્કના વિઝનના પરિણામે આજનો આ લોન્ચિંગ કાર્યક્રમ ભારતના દૂરસંચાર ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. લેન્ડલાઈન અને બ્રોડબેન્ડથી લઈને મોબાઈલ સેવા સુધી BSNLએ દેશના દરેક નાગરિકને શહેરથી ગામડા સુધી જોડ્યો છે. આ ૪૮ નેટવર્ક માત્ર આત્મનિર્ભરતાનું પ્રતીક નથી, પરંતુભારતને તે પાંચ દેશોની શ્રેણીમાં સ્થાપિત કરે છે જેમની પાસે પોતાનું ઘરેલું 4G દૂરસંચાર નેટવર્ક છે, તેમ તેમણે ઉમેર્યું હતું. BSNL ગુજરાતના ADG શ્રી સંદિપ સાવરકરે આભાર વ્યક્ત કર્યો હતો. 'ગર્વ સે કહો યે સ્વદેશી હૈ' થીમ સાથે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ભારતસંચાર નિગમ લિમિટેડ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ITI લિમિટેડના CMD શ્રીરાજેશ રાય, રિલાયન્સ જીયોના ગ્રુપપ્રેસિડેન્ટ શ્રી ધનરાજ નથવાણી, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી વિક્રાંત પાંડે, DST સચિવશ્રી પી. ભારતી, BSNLના અધિકારીશ્રીઓ- કર્મચારીશ્રીઓ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાત સહિત આઠ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી સહભાગી થયા હતા. ભારત સંચાર નિગમ લિમિટેડ આયોજિત આ કાર્યક્રમમાં ગુજરાતના વિવિધ ૯ જિલ્લાના ગામોમાંથી પદાધિકારીઓ-હોદેદારો તેમજ BSNLનાઉચ્ચ અધિકારીઓ -કર્મયોગીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત વિધાનસભાના પટાંગણ- પોડિયમ ખાતે

વિઠ્ઠલભાઈ પટેલની ૧૫૨મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરતા વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી




કમલમ્,

ગુજરાત વિધાનસભાભવનનું નામ જેમના નામ ઉપરથી અપાયું છે એવા શ્રી વિઠ્ઠલભાઈ પટેલની ૧૫૨મી જન્મજયંતિ નિમિતે અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ગુજરાત વિધાનસભા પટાંગણમાં આવેલી તેમની પ્રતિમા સમક્ષ અને ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતેના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. વર્ષ ૧૯૨૫થી મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ભારતીય પ્રમુખ અને સ્વરાજ પાર્ટીના સહ સંસ્થાપક શ્રી વિઠ્ઠલભાઈ પટેલનોજન્મ તા. ૨૭મી સપ્ટેમ્બર ૧૮૭૩ના રોજ નડિયાદમાં થયો હતો. તેઓ તેમની મુત્સદીગીરી માટે ભારતભરમાં વિશેષ ઓળખ ધરાવતા હતા. વર્ષ ૧૯૩૦માં આઝાદીની ચળવળ શરૂ થતાં મધ્યસ્થ ધારાસભામાંથી રાજીનામું આપી સક્રિય રીતે આઝાદીના લડતમાં જોડાયા હતા. આ પ્રસંગે, અધ્યક્ષશ્રીએ શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સેક્ટર -૨૫ના વિદ્યાર્થીઓ સાથે શ્રી વિઠ્ઠલભાઈ પટેલના જીવન પ્રસંગો વાગોળ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટીચેરમેન શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, શાસક પક્ષના નેતા શ્રી અનિલસિંહ વાઘેલા, દંડક શ્રી સેજલબેન પરમાર, શહેર પ્રમુખ શ્રી આશિષભાઈ દવે, ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રીઓ, વિધાનસભાના અધિકારીઓ- કર્મચારીઓ, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિતરહીને પુષ્પ અર્પણ કર્યા હતા.

તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વર્લ્ડ ફૂડ ઈન્ડિયા ૨૦૨૫ની ચોથી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું હતું. ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલય દ્વારા આયોજિત આ મુખ્ય વૈશ્વિક કાર્યક્રમે ફરી એકવાર ભારતને "વિશ્વના ફૂડ બાસ્કેટ" તરીકે સ્થાપિત કર્યું અને ફૂડ પ્રોસેસિંગમાં ભારતનું નેતૃત્વ મજબૂત બનાવ્યું. પ્રધાનમંત્રીએ વર્લ્ડ ફૂડ ઈન્ડિયા પ્રદર્શન પેવેલિયનની મુલાકાત લીધી અને પોષણ, તેલના વપરાશમાં ઘટાડો અને પેકેજિંગના આરોગ્ય પાસાઓમાં સુધારો કરવા પર ભાર મૂકવા બદલ સંતોષ વ્યક્ત કર્યો. આ પ્રસંગે રશિયાના નાયબ પ્રધાનમંત્રી શ્રી દિમિત્રી પાત્રુશેવ, કેન્દ્રીય મંત્રીઓ શ્રી ચિરાગ પાસવાન અને શ્રી પ્રતાપરાવ જાધવ હાજર રહ્યા હતા. ઉદ્ઘાટન સમારંભ દરમિયાન સંબોધન કરતા પ્રધાનમંત્રી શ્રી મોદીએ કહ્યું, "વર્લ્ડ ફૂડ ઈન્ડિયા સંદર્ભ, સામગ્રી અને સર્જનાત્મકતાના એક મહત્વપૂર્ણ કાર્યક્રમ તરીકે ઉભરી આવ્યું છે. ભારતની અનન્ય શક્તિઓ, તેની વિવિધતા, માંગ અને સ્કેલ તેને વૈશ્વિક ખાદ્ય અર્થતંત્રમાં નિર્ણાયક સ્પર્ધાત્મક બઢત પ્રદાન કરે છે."પ્રધાનમંત્રીએ નોંધ્યું કે એકવીસમી સદી વિશ્વ માટે ઘણા પડકારો રજૂ કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે પણ આવા પડકારો ઉભા થયા છે, ત્યારે ભારતે સકારાત્મક ભૂમિકા ભજવવા માટે આગળ વધ્યું છે અને વૈશ્વિક ખાદ્ય સુરક્ષામાં સતત યોગદાન આપ્યું છે. આજે રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી શ્રી નીતિન ગડકરી અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રી શ્રી ચિરાગ પાસવાનના સહ-અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સીઈઓ રાઉન્ડ ટેબલ યોજાઈ હતી. આ રાઉન્ડ ટેબલમાં ફૂડ પ્રોસેસિંગ અને રેલવે રાજ્યમંત્રી શ્રી રવનીત સિંહ અને ભારત સરકાર અને રાજ્ય સરકારોના વિવિધ મંત્રાલયોના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. શ્રી નીતિન ગડકરીએ વિશેષ સંબોધન કરતા જણાવ્યું હતું કે આત્મનિર્ભર ભારતનું પ્રધાનમંત્રીનું વિઝન ફક્ત દેશના જીડીપીમાં કૃષિ-પ્રક્રિયાનો હિસ્સો વધારીને જ સાકાર થઈ શકે છે. શ્રી ચિરાગ પાસવાને ગયા સત્રથી લેવામાં આવેલા પગલાંની રૂપરેખા આપી અને ઉદ્યોગને ખાતરી આપી કે તેઓ તેમની અને સરકાર વચ્ચે સેતુ તરીકે કામ કરશે. બ્રિટાનિયા, પેપ્સિકો, અમૂલ, આઈટીસી, નેસ્લે, મોન્ડેલેઝ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, કોકા-કોલા અને મેરિકો જેવી અગ્રણી કંપનીઓના સીઈઓએ તેમના મંતવ્યો શેર કર્યા હતા. સવારે ભારત મંડપમ ખાતે રશિયા, મણિપુર રાજ્ય, ગ્રામીણ વિકાસ મંત્રાલય, DPIIT અને ભારત સરકારના પશુપાલન વિભાગ દ્વારા જ્ઞાન સત્રો યોજવામાં આવ્યા હતા. કાર્યક્રમના પહેલા દિવસે ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલયે ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્રની અગ્રણી સ્થાનિક અને વૈશ્વિક કંપનીઓ સાથે ૭૬,૦૦૦ કરોડથી વધુના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

કેન્દ્રીય મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ માહિતી આપી કે માનનીય પ્રધાનમંત્રી રાષ્ટ્રવ્યાપી સ્વદેશી 4G (5G રેડી) નેટવર્ક લોન્ચ કરશે

મંત્રી સિંધિયા કહે છે કે, "બીએસએનએલનું સ્વદેશી 4G (સંપૂર્ણપણે ૫Gમાં અપગ્રેડ કરી શકાય તેવું) નેટવર્ક સી-ડોટ કોર, તેજસ RAN અને TCSના એકીકરણ પર વિકાસ ભારત તરફ એક ઐતિહાસિક પગલું છે"

કમલમ્,

ઉત્તર પૂર્વીય ક્ષેત્રના સંદેશાવ્યવહાર અને વિકાસ મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ એક પત્રકાર પરિષદમાં જાહેરાત કરી હતી કે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે બે મહત્વપૂર્ણ પહેલનું અનાવરણ કરશે. પહેલું પગલું દેશભરમાં લગભગ ૯૮,૦૦૦ મોબાઈલ ૪૫ ટાવર્સનું લોન્ચિંગ છે. બીજું પગલું સ્વદેશી ૪૫ નેટવર્ક છે, જે સંપૂર્ણપણે સોફ્ટવેર સંચાલિત, ક્લાઉડ આધારિત, ભવિષ્ય માટે તૈયાર ડિઝાઈન સાથે અને સરળતાથી ૫૧ માં અપગ્રેડ કરી શકાય છે. "ભારતનો કોઈ પણ ભાગ અસ્પૃશ્ય રહેશે નહીં" તેમણે કહ્યું અને ઉમેર્યું કે આ 4G ટાવર્સ પહેલાંથી જ દેશના સમગ્ર વિસ્તારમાં ૨૨ મિલિયન ગ્રાહકોને સેવા આપી રહ્યા છે. આ ટેલિકોમ ક્ષેત્રમાં ભારત માટે એક નવા યુગની નિશાની છે, કારણ કે ભારત વિશ્વના ટોચના ટેલિકોમ સાધનો ઉત્પાદકોમાં પ્રવેશ કરે છે. તેજસ નેટવર્ક દ્વારા વિકસિત રેડિયો એક્સેસ નેટવર્ક (RAN) ધરાવતું સંપૂર્ણપણે સ્વદેશી 4G ટેકનોલોજી સ્ટેક, C-DOT દ્વારા એક મુખ્ય નેટવર્ક, અને TCS દ્વારા સંકલિત, આત્મનિર્ભર ભારતના વિઝન હેઠળ BSNL દ્વારા તૈનાત કરવામાં આવ્યું છે. મંત્રી સિંધિયાએ જણાવ્યું હતું કે, "આનો સામાન્ય નાગરિક માટે શું અર્થ થાય છે? તેનો અર્થ એ છે કે બિહારના વિદ્યાર્થીઓને હવે વિશ્વ કક્ષાનું ઓનલાઈન શિક્ષણ મળશે. પંજાબના ખેડૂતોને મંડીના ભાવો વિશે રીઅલ-ટાઈમ અપડેટ્સ મળશે. કાશ્મીરમાં તૈનાત સૈનિકો તેમના પ્રિયજનો સાથે જોડાયેલા રહેશે. ઉત્તર પૂર્વના ઉદ્યોગસાહસિકોને આંતરરાષ્ટ્રીય કુશળતા અને ભંડોળની ઍક્સેસ સાથે સશક્ત બનાવવામાં આવશે. આ 4G ઈન્ફ્રાસ્ટ્રક્ચર દરેક ભારતીયને, તેમના ભૂગોળ કે પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના, ઉત્થાન માટે વિચારપૂર્વક ડિઝાઈન કરવામાં આવ્યું છે." તેમણે વધુમાં ઉમેર્યું, "અમે ડિજિટલ ભારત નિધિ (DBN) દ્વારા ભારતના 100% 4G સંતૃપ્તિ નેટવર્કનું પણ અનાવરણ કરી રહ્યા છીએ, જ્યાં 4G સંતૃપ્તિ પ્રોજેક્ટ અને DBN ના અન્ય પ્રોજેક્ટ્સના ભાગ રૂપે લગભગ ૨૯,૦૦૦ ગામડાઓ જોડાયેલા છે, આ BSNL ની રજત જયંતી, રાષ્ટ્ર પ્રત્યેની ૨૫ વર્ષની સેવા પહેલા આવે છે." ટેલિકોમ સચિવ ડૉ. નીરજ મિત્તલે એક પ્રેઝન્ટેશન આપ્યું અને ભારતની નોંધપાત્ર ટેલિકોમ વૃદ્ધિની વાર્તા પર પ્રકાશ પાડ્યો, જેમાં શરૂઆતના શંકાથી લઈને સ્વદેશી 4G સ્ટેકના સફળ વિકાસ અને દેશભરમાં સ્વદેશી 4G ટાવર્સની જમાવટ સુધીની સફરનો સમાવેશ થાય છે. ડિજિટલ ભારત નિધિ ગ્રામીણ કનેક્ટિવિટી વધારવા માટે એક મુખ્ય પ્રોત્સાહન રહ્યું છે. તેમણે ભાર મૂક્યો કે કેવી રીતે ભારતના યુવાનો, ઉદ્યોગ સહયોગ અને સતત રીઅલ ટાઈમ મોનિટરિંગે રાષ્ટ્રને ટેલિકોમમાં આત્મનિર્ભર બનાવ્યું છે અને માનનીય પ્રધાનમંત્રીના ડિજિટલ ભારત અને વિશ્વગુરુના વિઝનને અનુરૂપ, તેને વિશ્વભરમાં ટેકનોલોજી નિકાસ કરવા માટે સ્થાન આપ્યું છે. ભારત હવે વૈશ્વિક ટેલિકોમ્યુનિકેશનમાં એક નિર્ણાયક ક્ષણના શિખર પર ઉભું છે. ચાર વર્ષ પહેલાં જે અશક્ય લાગતું હતું તે હવે કેન્દ્રિત અમલીકરણ અને પ્રધાનમંત્રીના આત્મનિર્ભરતા, ડિજિટલ સમાવેશ અને વૈશ્વિક નેતૃત્વના વિઝન પ્રત્યે અટલ પ્રતિબદ્ધતા દ્વારા વાસ્તવિકતા બની ગયું છે. તે વિઝન હવે મૂર્ત સ્વરૂપ લઈ રહ્યું છે. આજે, ભારત માત્ર ૧.૨ અબજ લોકો સુધી ઉચ્ચ-ગુણવત્તાવાળી ટેલિકોમ સેવાઓનો વિસ્તાર કરી રહ્યું નથી, પરંતુ ટેલિકોમ સાધનોના ઉત્પાદન માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે પણ પોતાને સ્થાપિત કરી રહ્યું છે. આ બેવડી સિદ્ધિ વૈશ્વિક વિકાસ, સમાનતા અને ડિજિટલ સમાવેશકતાના પ્રેરક તરીકે દેશની ભૂમિકાને મજબૂત બનાવે છે - જે વસુધૈવ કુટુમ્બકમ (વિશ્વ એક પરિવાર છે) નું મૂર્ત સ્વરૂપ છે. રાષ્ટ્રીય મહત્વના આ ક્ષણે, પ્રધાનમંત્રી હવે આ સિદ્ધિનું અનાવરણ અને રાષ્ટ્રને સમર્પિત કરશે - જે ફક્ત એક ટેકનોલોજીકલ સીમાચિહ્નની પૂર્ણતા જ નહીં, પરંતુ એક દ્રષ્ટિની અનુભૂતિને ચિહ્નિત કરશે જે એક સમયે દૂર લાગતું હતું, હવે પહોંચમાં છે.

અમદાવાદના વિવિધ ગરબા મહોત્સવોમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ

અમદાવાદ પૂર્વના વસ્ત્રાલ, નિકોલ, બાપુનગર, ધીકાંટા, દરિયાપુર ખાતે વિવિધ ગરબા મહોત્સવમાં હાજરી આપીને મુખ્યમંત્રીશ્રીએ ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો

કમલમ્,

રાજ્યભરમાં શક્તિ અને આરાધનાનું પર્વ નવલી નવરાત્રિ ઊજવાઈ રહ્યું છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતે વિવિધ ગરબા મહોત્સવોમાં ભાવપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. ચોથા નોરતાની રાતે મુખ્યમંત્રીશ્રી અમદાવાદ પૂર્વના વસ્ત્રાલ, નિકોલ, બાપુનગર, ધીકાંટા, દરિયાપુર ખાતે વિવિધ ગરબા મહોત્સવમાં સહભાગી થયા હતા. વસ્ત્રાલમાં માધવ હોમ્સ ખાતે, નિકોલમાં શ્રી ખોડલધામ મેદાન ખાતે તેમજ શ્રીનાથ સોસાયટી ખાતે, બાપુનગરમાં બહુચર માતા મંદિર ખાતે, દરિયાપુરમાં શ્રી મહાકાળી મિત્ર મંડળ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં અને ધીકાંટા ખાતે શ્રી શિવ શક્તિ માંઈ ધીકાંટા યુવક મંડળ આયોજિત ગરબા મહોત્સવમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ગરબા મહોત્સવમાં આયોજકો તેમજ સોસાયટીના રહીશો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ ગરબી ખાતે આરતીમાં સહભાગી થઈ માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા તેમજ ખેલૈયાઓનું અભિવાદન ઝીલીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. નિકોલમાં શ્રીનાથ પાર્ક ખાતે આયોજિત ગરબા મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી પહોચ્યા ત્યારે સ્વદેશી અપનાયેંગે, ભારત કો આત્મનિર્ભર બનાએંગેના સૂત્રોચ્ચાર પણ કરાયા હતા. નિકોલમાં શ્રી ખોડલધામ મેદાન ખાતે આયોજિત ગરબા મહોત્સવમાં ખોડલધામ ખોડલ ગરબા મહોત્સવમાં સહકાર મંત્રીમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, મેયર શ્રીમતી

પ્રતિભાબહેન જૈન સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી ગોરધનભાઈ ઝડફિયા, શ્રી વલ્લભ કાકડિયા, વસ્ત્રાલના માધવ હોમ્સ ખાતે પૂર્વ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા, બાપુનગર બહુચર માતા મંદિર ખાતે સ્થાનિક ધારાસભ્ય શ્રી દિનેશભાઈ કુશવાહા, દરિયાપુર ખાતે સ્થાનિક ધારાસભ્ય શ્રી કૌશિક જૈન તેમજ વિવિધ સ્થળોએ ગરબા મહોત્સવોમાં શહેર ભાજપ પ્રમુખ શ્રી પ્રેરક શાહ, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, એએમસીના પદાધિકારીશ્રીઓ તેમજ સામાજિક-રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના કેડેટ્સે સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું

કમલમ્,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે NCC યુનિટના ૧ ગુજરાત આર્ટિલરી બેટરીના કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનન્ટ કર્નલ ટી.જી. રાજેશના માર્ગદર્શન હેઠળ, આજે કેમ્પસમાં બે કલાકની સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. 128 NCC કેડેટ્સની સક્રિય ભાગીદારીથી સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પહેલનું નેતૃત્વ ANO અને NCC અને પોલીસ માર્શલ મ્યુઝિક બેન્ડ સ્કૂલના ડિરેક્ટર લેફ્ટનન્ટ (ડૉ.) ગૌરવ સિંહ કુશવાહ, ઝૈયશ શર્મા અને અન્ય અધિકારીઓએ કર્યું હતું. તેમને હવાલદાર પ્રબીર દાસ અને હવાલદાર એ. શ્રીનિવાસુલુએ ટેકો આપ્યો હતો. કેડેટ્સ અને સ્ટાફે નિઃસ્વાર્થ સેવા અને નાગરિક જવાબદારીનું એક ઉજ્જ્વળ ઉદાહરણ રજૂ કર્યુ છે.

પોરબંદરમાં આત્મનિર્ભર ભારત અને GST સુધારાઓ પર યુવા સંમેલન યોજાયું

સ્વદેશી અપનાવી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા યુવાનોને પ્રેરણા અપાઈ

યુવાનો "રાષ્ટ્ર પ્રથમ"ના સંકલ્પ સાથે કાર્ય કરે: કેન્દ્રીય મંત્રી ડો મનસુખ માંડવિયાનું આહ્વાન

કમલમ્,

પોરબંદરમાં વી.આર. ગોઢાણીયા કોલેજ ખાતે આત્મનિર્ભર ભારત અને યુવાનો વિષયક યુવા સંમેલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમ્યાન રમત ગમત, યુવા, શ્રમ અને રોજગાર વિભાગના કેન્દ્રીય કેબિનેટ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ પોરબંદરના યુવાનોને આત્મનિર્ભર ભારત બનાવવા તેમજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા રાષ્ટ્ર પ્રથમના ધ્યેય સાથે કાર્ય કરવા જણાવ્યું હતું. કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ યુવા સંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, યુવાનો સાથે ભાષણ નહીં પરંતુ સંવાદ જરૂરી છે. તેમણે આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યુવાનોની ભૂમિકા અગત્યની ગણાવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વિકસિત ભારત બનાવવા માટે સૌપ્રથમ આત્મનિર્ભર ભારત બનાવવું જરૂરી છે. તેના માટે વિદેશી વસ્તુઓનો ત્યાગ કરી સ્વદેશી અપનાવવું આવશ્યક છે. મહાત્મા ગાંધીજીએ સ્વદેશીનો ખ્યાલ આપ્યો હતો અને તેના આટલા વર્ષો બાદ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૫ ઓગસ્ટના લાલ કિલ્લાથી તેના માટે આહ્વાન કર્યુ છે. પોરબંદરના ઈતિહાસ સાથે સંકળાયેલા વેપાર, અમદાવાદના મસ્કતી બજારના ઉદાહરણ તથા આઝાદી સંઘર્ષ દરમિયાન લાખો યુવાનો દ્વારા આપેલી શહાદતને યાદ કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આજના યુવાનોએ દેશ માટે મરવું નહીં, પરંતુ દેશ માટે જીવવુ પડશે. આગામી ૨૫ વર્ષમાં યુવાનો વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરશે. સ્વામી વિવેકાનંદના વિચારોનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીએ સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રે આગેવાની લેતા એક લાખ યુવાનો તૈયાર કરવાની જવાબદારી સોંપી છે. માય ભારત પોર્ટલ મારફતે વિકસિત ભારત વિષે ક્વિઝ અને નિબંધ સ્પર્ધાનું આયોજન તથા યુવાનો દ્વારા કરાયેલા પ્રધાનમંત્રી સમક્ષ પ્રેઝન્ટેશનનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. કેન્દ્રીય મંત્રીએ સ્વદેશી અપનાવવાના લાભો સમજાવતાં પ્રધાનમંત્રીના ઐતિહાસિક નિર્ણયોમાં કર્તવ્યપથ, નવું સંસદ ભવન, નવા કાયદા તેમજ સ્વદેશી હથિયારો અને સેટેલાઈટ્સ થકી દેશની આત્મનિર્ભરતા જેવા મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો. કોરોના કાળ દરમ્યાન આત્મનિર્ભર ભારત થકી સ્વદેશી વેક્સિનની સફળતા અને વિશ્વને સહાયતા, ઓપરેશન સિંદૂરનું પરાક્રમ તથા ભાવનગરમાં વહાણ અંગેના નિર્ણયોનું વિશેષ ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો. વધુમાં ડો માંડવિયાએ પહેલગામમાં યાત્રિકો ઉપર કરેલા હુમલાના આંતકવાદીઓને ભારતમાં નિર્માણ પામેલા સેટેલાઈટ અને હથિયારો વડે ગીચ જંગલોમાંથી શોધીને ઠાર કરીને આત્મનિર્ભર ભારતની ક્ષમતાના દર્શન કરાવ્યા છે. તેમણે યુવાનોને "રાષ્ટ્ર પ્રથમ"ના સંકલ્પ સાથે કાર્ય કરવા આહ્વાન કરતાં જણાવ્યું હતું કે ભવિષ્યમાં તેઓ કોઈપણ સર્વોચ્ચ હોદ્દા પર હોય, તેમ છતાં ગામડાના છેવાડાના લોકોના હિતને પ્રાથમિકતા આપશે તો ભારતને વિકસિત બનતા કોઈ રોકી શકશે નહીં. કાર્યક્રમ દરમ્યાન કોન બનેગા કરોડપતિ શોમાં સહભાગી થયેલા જીગ્નાબેન અને વી. આર. ગોઢાણીયા કોલેજના એનસીસી અને એનએસએસના વિદ્યાર્થીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી ડો મનસુખ માંડવિયાએ ચોપાટી ખાતે વોકલ ફોર લોકલ બજારનું ઉદ્ઘાટન પણ કર્યુ હતું.

"ટૂંકી, મધ્યમ અને લાંબા ગાળાની યોજનાઓ દ્વારા નદી સંરક્ષણને આગળ ધપાવવામાં આવી રહ્યું છે": શ્રી સી.આર. પાટીલ, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી

જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે IGNCA ખાતે છઠ્ઠા નદી ઉત્સવનું ઉદ્ઘાટન કર્યું

કમલમ્,

ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયના ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ (IGNCA) દ્વારા આયોજિત નદી ઉત્સવની છઠ્ઠી આવૃત્તિનું ઉદ્ઘાટન આજે નવી દિલ્હીના જનપથ સ્થિત IGNCA ખાતે જલ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સત્રમાં ઈસ્કોનના આધ્યાત્મિક નેતા શ્રી ગૌરાંગ દાસ; સાધ્વી વિશુધાનંદ ભારતી ઠાકુર; IGNCAના પ્રમુખ શ્રી રામબહાદુર રાય; અને IGNCAના સભ્ય સચિવ ડૉ. સચ્ચિદાનંદ જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા. નદીઓને મહત્વપૂર્ણ પર્યાવરણીય જીવનરેખા અને સાંસ્કૃતિક જળાશયો તરીકે ઉજવતા, આ ઉત્સવ વિદ્વાનો, કલાકારો, પ્રેક્ટિશનરો અને વિદ્યાર્થીઓના ઉત્સાહી મેળાવડા સાથે ખૂલ્યો. તેમના ઉદ્ઘાટન સંબોધનમાં, શ્રી સી.આર. પાટીલે સમુદાયોને ટકાવી રાખવા અને ભારતના સાંસ્કૃતિક નૈતિકતાને આકાર આપવામાં નદીઓના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે ભાવિ પેઢીઓ માટે નદીઓનું સંરક્ષણ કરવામાં સામૂહિક જવાબદારીની જરૂરિયાતની વાત કરી. તેમણે ટિપ્પણી કરી કે, "ભારત નદીઓની ભૂમિ છે. વિશ્વની શ્રેષ્ઠ નદી, ગંગા, ભારતમાં વહે છે, આપણી નદીઓને પ્રદૂષિત ન કરવી એ આપણી ફરજ છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે નદી સંરક્ષણ તરફ ત્રણ સ્તરે કામ ચાલી રહ્યું છે - ટૂંકા ગાળાનું, મધ્યમ ગાળાનું અને લાંબા ગાળાનું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, વોટર વિઝન @2047 દ્વારા નોંધપાત્ર પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. નદીઓના સાંસ્કૃતિક મહત્વ પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે નદીઓ ફક્ત સંસાધનો નથી પરંતુ આપણી લાગણીઓ અને સંસ્કૃતિનો પ્રવાહ છે. તેમણે ચેતવણી આપી હતી કે માનવ હસ્તક્ષેપથી નદીઓને ભારે નુકસાન થયું છે, અને તેમનું સંરક્ષણ એ એક સહિયારી જવાબદારી છે. તેમણે નદી ઉત્સવના સતત આયોજન માટે IGNCA ની પણ પ્રશંસા કરી. આ પ્રસંગે શ્રી ગૌરાંગ દાસે કહ્યું કે નદીઓ ફક્ત પાણીના પ્રવાહો નથી પરંતુ શક્તિ, ઉર્જા અને જીવનની સતત પ્રગતિનું પ્રતીક છે. ગંગાની જેમ, જે અનેક અવરોધો છતાં ગંગોત્રીથી બંગાળની ખાડી સુધી પોતાનો માર્ગ શોધે છે, આપણે પણ જીવનની પ્રતિકૂળતાઓનો સામનો કરતી વખતે આશા અને દિશા જાળવી રાખવી જોઈએ. તેમણે ઉમેર્યું કે નદીઓ આપણી સંસ્કૃતિ અને સંવેદનશીલતાનો પ્રવાહ છે, જે આપણને શીખવે છે કે ઊર્જા અને આશા દ્વારા પડકારોને તકોમાં પરિવર્તિત કરી શકાય છે. યમુનાની વર્તમાન સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા, તેમણે ભાર મૂક્યો કે નદીઓનું સંરક્ષણ આપણી સહિયારી જવાબદારી છે અને નદી ઉત્સવના સતત આયોજન માટે IGNCA ની પ્રશંસા કરી. સાધ્વી વિશુધાનંદ ભારતી ઠાકુરે ઈશાન્ય ભારત (ઉત્તર પૂર્વ ભારત) થી દક્ષિણ કન્યાકુમારી સુધી ફેલાયેલી નદીઓ સાથેના પોતાના અનુભવો શેર કર્યા. તેમણે જણાવ્યું કે લોકોએ નદીઓ સાથે અર્થપૂર્ણ સંવાદ કરવો જોઈએ, તેમની સંપત્તિને ઓળખવી જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું કે, તેમના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્વની સાથે, નદીઓની ઈકોલોજીકલ વિવિધતાનો પણ અભ્યાસ કરવો જોઈએ અને તેને ગંભીરતાથી લેવી જોઈએ. શ્રી રામબહાદુર રાયે કહ્યું કે નદીઓ ફક્ત પાણીના પ્રવાહો નથી પરંતુ આપણી સંસ્કૃતિ, શ્રદ્ધા અને જવાબદારીનું પ્રતિક છે. ૧૯૮૦ના દાયકામાં દિલ્હીમાં અનુપમ મિશ્રા સાથે યમુના યાત્રાના પોતાના અનુભવને યાદ કરતાં તેમણે નોંધ્યું કે તે સમયે પણ ૨૬ નાળા નદીમાં વહેતા હતા, જે તેના સંકટની ગંભીરતા દર્શાવે છે. તેમણે આશા વ્યક્ત કરી કે સતત પ્રયાસો સાથે, યમુના આખરે સ્વચ્છ બનશે. તેમણે વધુમાં ટિપ્પણી કરી કે આજે, નદીની સફાઈ અને પાળા બાંધવા માટે નક્કર પહેલ કરવામાં આવી રહી છે, જેનાથી આશાવાદની ભાવના દેખાય છે. શ્રી રાયે પંડિત મદન મોહન માલવિયા અને સુંદરલાલ બહુગુણા જેવા વ્યક્તિત્વોનો ઉલ્લેખ કરતા ભાર મૂક્યો કે સમાજે નદીઓના અવિરત પ્રવાહને સુરક્ષિત રાખવા માટે સતર્ક અને સક્રિય રહેવું જોઈએ. તેમણે વિનંતી કરી કે નદી ઉત્સવ ફક્ત ઉજવણી ન રહેવો જોઈએ પરંતુ નદીઓ પ્રત્યેની આપણી ફરજોની સતત યાદ અપાવે. ડૉ. સચ્ચિદાનંદ જોશીએ મહેમાનોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે નદી સંસ્કૃતિ સમાજ પર ઊંડી અસર કરે છે. તેમણે નોંધ્યું હતું કે શહેરી જીવનશૈલીએ આપણને નદીઓ સાથેના આપણા જોડાણથી દૂર કરી દીધા છે. જેમ જેમ વિકાસની ગતિ વધતી ગઈ અને માનવીય શોષણ કુદરતનું વધતું ગયું, તેમ તેમ કુદરતી વિશ્વ સાથેનો આપણો સંબંધ નબળો પડ્યો, જે ઉપભોક્તાવાદી સંબંધમાં પરિવર્તિત થયો. નદી ઉત્સવનો હેતુ નદીઓ પ્રત્યે શ્રદ્ધા, ઉત્સાહ, ભક્તિ અને શ્રદ્ધાની લાગણીઓને પ્રેરિત કરવાનો છે. ત્રણ દિવસીય મહોત્સવના પહેલા દિવસે "રિવરસ્કેપ ડાયનેમિક્સઃ ચેન્જીસ એન્ડ કન્ટિન્યુટી" વિષય પર રાષ્ટ્રીય સેમિનારનો પ્રારંભ થયો, જેમાં પ્રખ્યાત વિદ્વાનો અને નિષ્ણાતો નદીઓના સાંસ્કૃતિક, પર્યાવરણીય અને કલાત્મક પરિમાણો પર દ્રષ્ટિકોણ શેર કરવા માટે ભેગા થયા. સેમિનારના સંદર્ભમાં ૩૦૦ થી વધુ સંશોધન પત્રો પ્રાપ્ત થયા હતા, જેમાંથી ૪૫ સત્રો દરમિયાન રજૂ કરવામાં આવશે. આ સેગમેન્ટ દિલ્હી યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના સહયોગથી યોજાઈ રહ્યું છે. સેમિનારની સમાંતર, "માય રિવર સ્ટોરી" ડોક્યુમેન્ટરી ફિલ્મ ફેસ્ટિવલે તેની શરૂઆતની સ્ક્રીનીંગ રજૂ કરી, જેમાં "ગોતાખોરોઃ અદ્રશ્ય ડાઈવિંગ કોમ્યુનિટીઝ", "રિવર મેન ઓફ ઈન્ડિયા", "અર્થ ગંગા", "યમુના ઝસીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ", "કાવેરી - રિવર ઓફ લાઈફ" અને અન્ય સહિતની વિચારપ્રેરક ફિલ્મો દર્શાવવામાં આવી. આ ફિલ્મો પર્યાવરણીય ચિંતાઓ, પરંપરાગત પ્રથાઓ અને નદી પ્રણાલીઓ સાથેના ઊંડા મૂળવાળા માનવ જોડાણ પર પ્રકાશ પાડે છે, જે દર્શાવે છે કે નદીઓ જીવન અને લેન્ડસ્કેપને કેવી રીતે આકાર આપે છે. નદી ઉત્સવ પરંપરા અને સમકાલીન પ્રથાઓ વચ્ચેનો ગહન સંવાદ દર્શાવે છે, જે ખાતરી કરે છે કે સમુદાયો તેમના નદીના મૂળ સાથે જોડાયેલા રહે. ઉદ્ઘાટન સત્ર નદી ઉત્સાહીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારી અને અર્થપૂર્ણ ચર્ચાઓ સાથે સમાપ્ત થયું, જેનાથી આગામી બે દિવસ માટે સત્રો, નિદર્શનો અને પ્રદર્શનો માટે મંચ તૈયાર થયો. સત્રના અંતે, જનપદ સંપદા વિભાગના વડા પ્રો. કે. અનિલ કુમારે આભારવિધિ કરી. ઉદ્ઘાટન દિવસ ગુરુ સુધા રઘુરામન અને તેમની ટીમ દ્વારા નદીઓ પર શાસ્ત્રીય પ્રસ્તુતિઓ સાથે સમાપ્ત થયો, જેણે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા. ત્રણ દિવસીય નદી મહોત્સવ ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ચાલુ રહેશે, જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રદર્શનો અને નદીઓ, ઈકોલોજી અને સંસ્કૃતિ વચ્ચેના ઊંડા આંતરસંબંધોને પુનઃસ્થાપિત કરવાના હેતુથી ચર્ચાઓ યોજાશે.

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વિસનગર ખાતે નવરાત્રી મહોત્સવ "થનગનાટ-૨૦૨૫" ના બીજા દિવસે ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી

કમલમ્,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર દ્વારા આ મોર્ડન યુગમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સાથે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ જળવાઈ અને લોકકલાને પ્રોત્સાહન મળી રહે તે માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. જેના ભાગરૂપે યુનિવર્સિટી ખાતે બે દિવસીય નવરાત્રી મહોત્સવ "થનગનાટ-૨૦૨૫" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા બે દિવસીય નવરાત્રી મહોત્સવ "થનગનાટ-૨૦૨૫" ના બીજા દિવસે તારીખ ૨૬ સપ્ટેમ્બરના રોજ પ્રખ્યાત ગુજરાતી લોકપ્રિય ગાયક અરવિંદ વેગડા અને તેમની ટીમે પોતાના જુસ્સાદાર ગીતોથી રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી અને પરંપરાગત રંગીન ચણિયાચોળી, કેડીયા-ધોતી જેવા વસ્ત્રોથી સજ્જ વિદ્યાર્થી ખેલૈયાઓ, યુનિવર્સિટી સ્ટાફ તથા આમંત્રિત મહેમાનોને સંગીતના તાલે ગરબે ઝૂમતાં કરી દીધા હતા. વધુમાં સમગ્ર કેમ્પસને આકર્ષક સજાવટથી સજાવવામાં આવ્યું હતું, જેમાં ગ્રામ્ય સંસ્કૃતિને દર્શાવતું સેલ્ફી ઝોન સર્વે માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહેલ. કાર્યક્રમમાં બીજા દિવસે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના આમંત્રણને માન આપીને મુખ્ય મહેમાન તરીકે આઈ.એમ.એ. નેશનલ પ્રેસિડેન્ટ શ્રી ડો. અનિલભાઈ નાયક, મહેસાણા જીલ્લા સાંસદ સભ્યશ્રી હરિભાઇ પટેલ, મહેસાણા જીલ્લા ભાજપ મહામંત્રી ભગાજી ઠાકોર હાજર રહ્યા હતા અને ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો. બે દિવસીય નવરાત્રિ મહોત્સવને અંતે રાસ-ગરબા રમવામાં અને વેશભૂષામાં ઉત્તમ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ અને સ્ટાફને આમંત્રિત મહેમાનો, યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાણી, રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદીના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા અભિનંદન પાઠવ્યા. કાર્યક્રમના પ્રાસંગિક ઉદ્બોધનમાં યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે યુનિવર્સિટીના આમંત્રણને માન આપીને પધારેલ સર્વે મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને તેમની વિશેષ ઉપસ્થિતિ માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદીએ આ કાર્યક્રમને ભવ્ય અને સફળ બનાવવા માટે આયોજનમાં સંકળાયેલ યુનિવર્સિટી અને સંલગ્ન સંસ્થાઓના તમામ સ્ટાફના કાર્યને બિરદાવ્યુ હતું.

રાજયના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વાપી મનપા દ્વારા છીરી ખાતે શ્રમદાન કાર્યક્રમ યોજાયો

કમલમ્, વલસાડ

રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વાપી મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા- ૨૦૨૫ અંતર્ગત ''એક દિવસ, એક કલાક, એક સાથે''ના સૂત્ર સાથે શ્રમદાનનો કાર્યક્રમ વાપીના છીરી ખાતે પોલીસ સ્ટેશનની સામે યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળની ગ્રાન્ટમાંથી છીરી ખાતેવલ્લભનગર હેડ્વર્ક્સમાટે રૂ. ૩.૮૬ કરોડના ખર્ચે ૨૦ લાખ લિટરની ક્ષમતા ધરાવતી ટાંકીના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રાજ્યના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ હાલમાં ચાલી રહેલા નવરાત્રીપર્વ અને આગામી દિવસોમાં આવનારા દશેરા અને દિવાળી પર્વની શુભેચ્છા પાઠવી જણાવ્યું કે, નરેન્દ્રભાઈએ ગુજરાતનું મુખ્યમંત્રીપદ સંભાળ્યું ત્યારથીઆગામી તા.૭ ઓક્ટોબરે એમને ૨૪ વર્ષપૂર્ણ થવાજઈ રહ્યા છે. આ ૨૪ વર્ષમાં ગુજરાત અને ભારતે વિકાસ જોયો છે. પોતાના જન્મદિનનેસેવા સાથેજોડી હાલમાં સેવા પખવાડિયા હેઠળ સ્વચ્છતા અભિયાન, ''એકપેડ માકે નામ'' અને મેડિકલ કેમ્પ સહિતના અનેક પ્રજાલક્ષી સેવાના કાર્યો થઈ રહ્યા છે. છીરીવાપીનો એન્ટ્રીપોઈન્ટ છે જેને સ્વચ્છ રાખવોદરેક નાગરિકની ફરજ છે. વાપીમાં હાલમાં ચોમાસાને કારણે જે રસ્તાઓ છે બિસ્માર બન્યા છે તેના રીસર્ફેસિંગના કામો ડિસેમ્બર સુધીમાં ચોક્કસ રીતે પૂર્ણ થઇ જશે અને બીજાનવા રસ્તાનાકામો પણ એપ્રિલ સુધીમાં પૂર્ણ કરાશે. કોન્ટ્રાકટરોને ત્રણ વર્ષની જવાબદારી આપી છે, ત્રણ વર્ષમાં જ્યાં પણ ખાડો પડે એને તરત જ પૂરવાનીજવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આગામી એક વર્ષમાં વાપીનો એવો વિકાસ થશે કે, વાપી સંપૂર્ણ બદલાઈ જશે ત્યારે દરેકે દરેક નાગરિકની પણ ફરજ છે કે પોતેવિકાસના કામોમાંધ્યાન આપે અને સહકાર આપે. સ્વચ્છતા અભિયાન અંગેમંત્રીશ્રીએ મહાત્મા ગાંધીબાપુની ઉક્તિ "સ્વચ્છતા ત્યાં પ્રભુતા"નોઉલ્લેખ કરીજણાવ્યું કે, જ્યાં સ્વચ્છતા હોય ત્યાં માંદગીનું પ્રમાણ રહેતું નથી, કામ કરવાનો ઉત્સાહ વધે છે અને પર્યાવરણની જાળવણી પણ સુંદર રીતે થઈ શકે છે. કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ માટે આપણી પાસે સુંદર વ્યવસ્થા છે.છીરીમાં એક - એક લાખ લીટર પાણીની ટાંકીને બદલે ૧૮ લાખ લીટર પાણીનીટાંકી બનીરહી છે, જેથી પીવાના પાણીનો કોઈ પ્રશ્ન રહેશે નહીં. દરેક કામોનું મોનીટરીંગ થઈ રહ્યું છે. ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકરે જણાવ્યું કે, સ્વચ્છભારતના નેજા હેઠળ સફાઈ કામગીરીમાટે નવાનવા આધુનિક સાધનોઅપાઈ રહ્યાછે. સ્વચ્છતાનું પ્રમાણ વધતા આરોગ્યમાં ઘણો સુધારોઆવ્યો છે.

આપણું વાપી, આપણું વલસાડ, આપણું ગુજરાત અને આપણો ભારત દેશ સ્વચ્છ રહે તે ઉદેશ્યને સાકાર કરવા આપણે આગળ વધીરહ્યાછે ત્યારે સ્વચ્છતા અંગેની શરૂઆતપોતાના ઘર અને શેરી મહોલ્લાથી કરવી જોઈએ. સ્વચ્છતા થી જ તંદુરસ્ત જીવન જીવી શકાય છે. વાપી મનપાના કમિશ્નરશ્રી યોગેશ ચૌધરીએ જણાવ્યું કે, વાપીના છીરીને મીની ભારત તરીકે ઓળખવામાંઆવેછે. આ વિસ્તારને સ્વચ્છ કરવા માટે ૨૦૦ ટ્રક ભરી કચરાનો નિકાલ કરવામાંઆવ્યો હતો. છીરી ચોખ્ખું રહે તે માટે ડોર ટુ ડોર કલેક્શન અને ૫૦ થી વધુ સફાઈ કર્મીઓ દ્વારારોજ સફાઈથઈ રહીછે. વાપી મનપા પોતાની જવાબદારી નિભાવી રહીછે પરંતુ નાગરિકની પણ અહમ જવાબદારી છે. નગરજનોને અપીલ છે કે, આપણે જેટલીસફાઈ રાખીશુંતેટલું આપણું શહેર સ્વચ્છ રહેશે. વરસાદ વિરામ લેતાઆગામી ત્રણ મહિનામાં રસ્તા રિપેરીંગના તમામ કામો પૂર્ણ કરાશે. આગામી દિવસોમાં પ્રકાશનો પર્વ દિવાળી આવી રહ્યો છે ત્યારે વાપી રોશનીથી ઝળહળી ઉઠે તે માટે ૩૫૦ સ્ટ્રીટ લાઈટ લગાવવામાં આવશે આજે છીરીમાં જે ટાંકીના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું તે ટાંકી એક કલાકમાં એક જ પુરવઠામાં ૧૫૦૦૦ની વસ્તીને પાણી આપવા માટેની ક્ષમતા ધરાવેછે. આ પ્રસંગે આયુષ્યમાન કાર્ડ યોજનાના પાંચ લાભાર્થીઓને મંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે કાર્ડનું વિતરણ કરાયું હતું. સફાઈ કર્મચારી પ્રજ્ઞેશ ઓઝાનું સુંદર સફાઈ કામગીરી માટે મંથલી એવોર્ડથી મંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. હાલમાંચાલી રહેલા ''સ્વચ્છતા હી સેવા'' અભિયાનઅંતર્ગત મંત્રીશ્રી અને મહાનુભાવો સફાઈ અભિયાનમાં જોડાયા હતા. મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. છીરીપ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ચાલી રહેલી આરોગ્ય શિબિરની મંત્રીશ્રીએ મુલાકાત લઈ રાજ્ય સરકાર દ્વારા મળતી સુવિધાઓ અંગે દર્દીઓસાથે સંવાદ કર્યો હતો. આ વેળા ટી.બી. ના દર્દીઓને મંત્રીશ્રીના હસ્તે મેડિકલ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વાપી પાલિકાના માજી પ્રમુખ પરેશ દેસાઈ અને વિઠ્ઠલભાઈ પટેલ, માજી ઉપપ્રમુખ દેવલબેન દેસાઈ, માજી કારોબારી ચેરમેન મિતેશ દેસાઈ, વાપી મનપાના ડેપ્યુટી કમિશનર આસ્થા સોલંકી, વાપી વીઆઈએ પ્રમુખ સતિષ પટેલ, મોરાઈ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના ઉપપ્રમુખ મુકેશસિંહ ઠાકોર, જિલ્લા સંગઠનના મહામંત્રી શિલ્પેશ દેસાઈ, વાપી તાલુકા સંગઠન પ્રમુખ સમય પટેલ, વાપી શહેર સંગઠન પ્રમુખ મનિષ દેસાઈ, નોટીફાઈડ બોર્ડના માજી ચેરમેન હેમંત પટેલ અને વલસાડ જિલ્લા સંગઠનના આર્થિક સેલના સંયોજક મહેશ ભટ્ટ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન વાપી મનપાના ડેપ્યુટી કમિશ્નરઅશ્વિન પાઠકે કર્યું હતું.

ગ્રામીણ વિસ્તારમાં પાક્કી સડક સહિતની સુવિધા માટે ગુજરાતસરકાર પ્રતિબદ્ધઃ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

રૂ. ૫૪૦ લાખના ખર્ચે નિર્મિત વીરનગર-નાની લાખાવડ રોડ મંત્રી શ્રી કુંવરજીભાઈએ જાહેરજનતા માટે ખુલ્લો મુક્યો

કમલમ્, રાજકોટ

રાજ્યના જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ આજે જસદણ તથા વિંછિયા તાલુકામાં રૂપિયા ૧૦૯૫ લાખના રોડ, બોક્સ કલવર્ટ સહિતનાં વિકાસ કામોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કરીને નાગરિકોને નવરાત્રિની વિશેષ ભેટ આપી હતી. આ તકે મંત્રીશ્રીએ ગ્રામીણ વિસ્તારમાં પાક્કી સડક સહિતની વિવિધ સુવિધા માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ હોવાની ખાતરી આપી હતી. મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ આજેબપોરે જસદણ તાલુકાના વીરનગરમાં રૂ. ૫૪૦ લાખના ખર્ચે નિર્મિત વીરનગર-નાનીલાખાવડ રોડનું લોકાર્પણ કર્યું હતું. આ માર્ગમાં આવતા ત્રણ કોઝવેના કામો, નાળા-પાઈપના કામોને પણ આવરી લેવામાં આવ્યા છે. જેનાથી નાગરિકોને વધુએક પાક્કી સડકની સુવિધા ઉપલબ્ધ થઈ છે. આ રોડથી પરિવહન વધુ સરળ બનશે. મંત્રી શ્રી કુંવરજીભાઈએ સવારે શિવરાજપુર ગામ ખાતે લાલકાવાવ રોડના રિસર્ફેસિંગના કામનુંખાતમુહૂર્ત કર્યું હતું. રૂપિયા ૨૦૦ લાખના ખર્ચે આ રોડને થ્રી લેયરમાં રિસરફેસ કરવામાં આવશે. આ રસ્તાનું નિર્માણ થતાં આજુબાજુ વિસ્તારના લોકોને અવરજવરમાં સરળતાઅને ઉત્તમ રોડની સુવિધા પ્રાપ્ત થશે. બાદમાં મંત્રીશ્રીએ વિંછિયા તાલુકાના ફુલઝર ગામે લાલાવદર ફુલઝર રોડ પર બોક્સ કલવર્ટના નિર્માણના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું. રૂ. ૧૫૫ લાખના ખર્ચે અહીં બોક્સ કલવર્ટ બનતાં નાગરિકોને ચોમાસામાં પડતી હાલાકીનો અંત આવશે. મંત્રીશ્રીએ બપોર પછી જસદણ નાની લાખાવડ કોઠી રોડ પર ખારી બ્રિજનું ખાતમુહૂર્ત કર્યું હતું. અહીં રૂ. ૨૦૦ લાખના ખર્ચે સ્લેબ ડ્રેઈનેજ બનાવવામાં આવશે. આ દરમિયાન મંત્રીશ્રીએ નાગરિકોને સંબોધન કરીને મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા પ્રજાની સુખાકારી માટેલેવાઈ રહેલા વિવિધ પગલાંઓની માહિતી આપી હતી. આ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારત માટે સ્વદેશી અપનાવવા કરેલી અપીલને અનુસરતા, સૌને સ્વદેશી વસ્તુઓનો જ ઉપયોગ કરવા આગ્રહ કર્યો હતો. ખાસ કરીને દિવાળી નજીક આવી રહી છે, ત્યારે વોકલ ફોર લોકલને પ્રોત્સાહન આપવાસ્થાનિક લોકોને રોજગારી મળે તે હેતુથી સ્થાનિક વેપારીઓ પાસેથી વસ્તુઓ ખરીદવા અપીલ કરી હતી. નાગરિકોના હિત માટે સરકાર સતત સક્રિય હોવાની ખાતરી પણ આપી હતી. આ દરમિયાન મંત્રીશ્રીએ ગ્રામજનો સાથે સંવાદ કરીને તેમના પ્રશ્નો જાણીને તત્કાલ નિકાલની ખાતરી પણ આપી હતી.

કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે નવી દિલ્હીમાં રશિયાના નાયબ પ્રધાનમંત્રી શ્રી દિમિત્રી પાત્રુશેવ સાથે મુલાકાત કરી

સંશોધન, નવીનતા, શૈક્ષણિક અને સાંસ્કૃતિક આદાનપ્રદાન પર મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી - શ્રી ચૌહાણ

કૃષિ ક્ષેત્રે ભારત અને રશિયાના વિદ્યાર્થીઓ એકબીજાના દેશોમાં અભ્યાસ કરી શકશે - શ્રી ચૌહાણ

પરસ્પર સહયોગ, દ્વિપક્ષીય વેપાર સંતુલિત કરવા અને ટેકનોલોજીકલ ભાગીદારીને મજબૂત બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી - શ્રી ચૌહાણ

કમલમ્,

કેન્દ્રીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે રશિયાના નાયબ પ્રધાનમંત્રી શ્રી દિમિત્રી પાત્રુશેવ સાથે મુલાકાત કરી અને નવી દિલ્હીના કૃષિ ભવનમાં રશિયન પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી. રશિયન પ્રતિનિધિમંડળ સહિત રશિયાના નાયબ કૃષિ મંત્રીપણ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન કૃષિ, વિજ્ઞાન, ટેકનોલોજી, નવીનતા, શૈક્ષણિક અને સાંસ્કૃતિક આદાનપ્રદાન પર વિગતવાર ચર્ચા થઈ. કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી શિવરાજ સિંહ ચૌહાણે બેઠક વિશે માહિતી આપતા કહ્યું, "અમારી રશિયાના નાયબ પ્રધાનમંત્રી અને તેમની સમગ્ર ટીમસાથે ખૂબ જ સૌહાર્દપૂર્ણ અને ઉત્પાદક બેઠક થઈ. અમે કૃષિ અને ખાદ્ય સુરક્ષામાં પરસ્પર સહયોગ, દ્વિપક્ષીય વેપારને સંતુલિત કરવા અને ટેકનોલોજીકલ ભાગીદારીને વધુ મજબૂત બનાવવા પર વ્યાપક ચર્ચા કરી. ભારતીય બટાકા અને અનાજના રશિયામાં પ્રવેશ અંગે પણ ચર્ચા કરવામાં આવી." શ્રી ચૌહાણે જણાવ્યું કે અમે અમારા મત્સ્યઉદ્યોગ ક્ષેત્રની પણ ચર્ચા કરી, જેમાં નોંધપાત્ર નિકાસ ક્ષમતા છે. ચર્ચાઓ મરઘાં ઉત્પાદનોની નિકાસઅને રશિયન બજારમાં પ્રવેશ પર પણ કેન્દ્રિત હતી. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે, "મને વિશ્વાસ છે કે ફાયટોસેનિટરી ધોરણો અને નોન-ટેરિફ અવરોધો સંબંધિત મુદ્દાઓ ટૂંક સમયમાં ઉકેલાઈ જશે." તેમણે ઉમેર્યું હતું કે, "અમે સંશોધન અને નવીનતા પર પણ ચર્ચા કરી હતી." વિજ્ઞાન અને ટેકનોલોજીના આદાનપ્રદાનને સરળ બનાવવા માટે ICAR અને તેના સમકક્ષ સંગઠનો વચ્ચે વ્યાપક સહયોગ પર ચર્ચા ચાલી રહી છે. આ વિષયો પર ખૂબ જ સકારાત્મક દ્રષ્ટિકોણથી ચર્ચા કરવામાં આવી છે. કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે રશિયામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ અને ભારતીય કૃષિ સંસ્થાઓમાં અભ્યાસ કરતા રશિયન વિદ્યાર્થીઓ અંગે ચર્ચા થઈ હતી અને આ અંગે કરાર થયા હતા. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે રશિયાએ ચાર ભારતીય વિદ્યાર્થીઓને મફતમાં અભ્યાસ કરવાની મંજૂરી આપવાની પણ ઓફર કરી છે. તેમણે જણાવ્યું હતું કે રશિયન વિદ્યાર્થીઓને ભારતમાં ફેલોશિપનો પણ લાભ મળશે. આનાથી બંને દેશો વચ્ચે માત્ર શૈક્ષણિક જ નહીં પરંતુ સાંસ્કૃતિક આદાનપ્રદાનને પણ પ્રોત્સાહન મળશે. બીજ અને કૃષિ ટેકનોલોજી આધારિત ઉકેલો પર સહયોગ વધારવા પર પણ ચર્ચા થઈ હતી. અંતે, કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે તેમને વિશ્વાસ છે કે રશિયાના સમર્થન અને સહયોગથી, બાકી રહેલા વેપાર મુદ્દાઓ ઉકેલાઈ જશે, જેનાથી આપણા ખેડૂતો, ગ્રાહકો અને બંને દેશોના નાગરિકોને ફાયદો થશે. કેન્દ્રીય મંત્રીએ ભાર મૂક્યો કે રશિયા અને ભારત વચ્ચેની મિત્રતા શાંતિ અને સ્થિરતા માટે જરૂરી છે. તેમણે કહ્યું કે ભારતની "વસુધૈવકુટુંબકમ" (વિશ્વ એક પરિવાર છે) ની ભાવના સાચી ભાવનાછે, અને આખું વિશ્વ અમારું કુટુંબ છે. આ ભાવનામાં, અમે રશિયા સાથે મળીને વેપાર, નવીનતા, ખાદ્ય સુરક્ષા અને શિક્ષણને વધુ વધારવા માટે કામ કરીશું, સાથે સાથે અમારા રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરીશું.

કમલમ્,

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના દુરદર્શી નેતૃત્વ હેઠળ ભારત એક નવા આર્થિક યુગમાં પ્રવેશી રહ્યું છે. તાજેતરમાં રજૂ કરવામાં આવેલ ઐતિહાસિક #NEXTGENGST સુધારાઓ એ માત્ર કર વ્યવસ્થાનો પરિવર્તન નથી, પણ ભારતની આવનારી પેઢીઓ માટે આધુનિક અને લોકકેન્દ્રિત અર્થતંત્ર રચવાનું એક વિશાળ પગલું છે. આ સંદર્ભે સિદ્ધપુર ખાતે 'હર ઘર સ્વદેશી' અભિયાન અંતર્ગત, સ્થાનિક વેપારીઓને જાગૃત કરવાના હેતુથી કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં સ્ટીકર લગાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનિક ઉત્પાદનોના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવ્યું અને વણિક સમાજને દેશના આત્મનિર્ભર યાત્રામાં ભાગીદાર બનવા માટે પ્રેરિત કરવામાં આવ્યા. GST માં કરવામાં આવેલા નમ્ર અને વ્યાપક ઘટાડાનો સીધો લાભ દેશના સામાન્ય નાગરિકો અને નાના-મોટા વેપારીઓને મળી રહ્યો છે. મહેનત કરનારા શ્રમિકોથી લઈને ઉદ્યોગસાહસિકો સુધી, આ સુધારાઓએ રોજગારઅને વેપાર વધાર્યો છે. અર્થવ્યવસ્થા ગતિશીલ બની રહી છે અને ભારતનું માર્કેટ વધુ સ્પર્ધાત્મક બન્યું છે. સ્વદેશી એ શાન છે, આત્મનિર્ભરતા એ ઓળખ છે અને વિકાસશીલ ભારત એ આપણું સ્વપ્ન છે — જેને સાકાર કરવા સમગ્ર દેશ એકજૂટતાથી આગળ વધે છે. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ, શહેર ભાજપ મહામંત્રીશ્રી, સિનિયર આગેવાનો, એ.પી.એમ.સી ચેરમેન, નગરપાલિકાના સદસ્યો, યુવા મોરચા અને મહિલા મોરચાના હોદ્દેદારો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજ્યની ૮ મહાનગરપાલિકા તેમજ ૧૬ નગરપાલિકાને "નિર્મળ ગુજરાત એવોર્ડ્સ" એનાયત

ગાંધીનગર ખાતે સ્વચ્છ ભારત મિશન-શહેરીની ચિંતન શિબિર અને નિર્મળ ગુજરાત એવોર્ડ્સ સમારોહ સંપન્ન

કમલમ્,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે રાજ્યની ૮મહાનગરપાલિકા અને ૧૬ નગરપાલિકાઓને સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા બદલ ''નિર્મળગુજરાતએવોર્ડ્સ'' અર્પણ કરતાસ્પષ્ટપણે જણાવ્યુંકે, સ્વચ્છતા સહિતના જન સુખાકારીના કામો માટે શહેરો વચ્ચે એવોર્ડ મેળવવા માટેની સ્પર્ધા થાય તેવો વધુ સારો વિકાસ કરવાની આપણી નેમ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે નિર્મળ ગુજરાત એવોર્ડ વિતરણ સમારોહ તેમજ સ્વચ્છ ભારત મિશનની ચિંતન શિબિર યોજાઈ હતી. મુખ્ય મંત્રીશ્રીએ સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા બદલ ''નિર્મળ ગુજરાતએવોર્ડ્સ'' અને કુલ રૂ. ૧૮.૫ કરોડની પ્રોત્સાહક રકમ એનાયત કરી હતી. આ ઉપરાંત ''મારુ શહેર, મારું ગૌરવ અભિયાન''ના લોગોનું અનાવરણ પણ તેમણે કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નિર્મળગુજરાત એવોર્ડ મેળવનારી મહાનગરપાલિકાઓ અનેનગરપાલિકાઓને અભિનંદન પાઠવતા કહ્યુ કે, આ પ્રકારના એવોર્ડથી અન્ય શહેરોને વધુ સારું કામ કરવાનું પ્રોત્સાહન મળે છે. આઝાદી પછી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશવ્યાપીસ્વચ્છતા ઝુંબેશ શરૂ થઈ છે, ત્યારે હવે સ્વચ્છતા સૌ નાગરિકોના સંસ્કાર અને સ્વભાવમાં વણાઈ ગઈ છે. સ્વચ્છ ભારત અભિયાન, નિર્મળ ગુજરાત મિશન જેવા વિવિધ વિકાસલક્ષી અભિયાનોમાં રાજ્ય સરકાર મહાનગરપાલિકા-નગરપાલિકાઓને નાણાકીય સહિત તમામ સહકાર આપવા હંમેશા તૈયાર છે તેમ તેમણે ઉમેર્યુ હતુ. મુખ્યમંત્રીશ્રીએ નગરપાલિકાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓને સંબોધતા કહ્યું કે, હવે વધુ ગુણવત્તાસભર વિકાસ કાર્યો સૌએ સાથે મળીને કરવા પડશે. વિકસિત ભારતના નિર્માણ માટે રાજ્યમાં કોઈ એક શહેરનો નહીં પણ નાનામાં નાના છેવાડાના માણસનો વિકાસ કરીને તેને મુખ્ય પ્રવાહમાં લાવવો તે આપણો ધ્યેય છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલા સ્વચ્છતા સહિતના વિવિધ અભિયાનોઆજે સાચાઅર્થમાંજન આંદોલન બન્યાછે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, એકાત્મ માનવવાદના પ્રણેતા પંડિત દીનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતી તા. ૨૫ સપ્ટેમ્બરથી શરૂ કરીને સુશાસનના પ્રણેતા સ્વર્ગસ્થ વડાપ્રધાન શ્રી અટલ બિહારીની ૧૦૦મી જન્મજયંતી તા. ૨૫ ડિસેમ્બર સુધી દેશભરમાં 'આત્મનિર્ભર ભારત' માટે હર ઘર સ્વદેશી અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનશ્રીના આ અભિયાનને સફળ બનાવવા આપણે ઘરમાં ઉપયોગમાં લેવામાં આવતી દૈનિક ઘરવપરાશની ચીજ વસ્તુઓ સ્વદેશી હોય તેના પર વિશેષ ભાર મૂકવો પડશે. આજના સમયની માંગ સાથે આત્મનિર્ભર ભારત માટે વધુમાં વધુ સ્વદેશી વસ્તુઓ અપનાવવા મુખ્યમંત્રીશ્રી એ સૌને આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'મેક ઈન ઈન્ડિયા' અંતર્ગત ભારતમાં બનેલી વસ્તુઓનો ઉપયોગ કરીએ તે સ્વદેશી જ ગણાય. દરેક ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા જરૂરી છે. સ્વદેશી અને આત્મનિર્ભરતા ઉપર જો આપણે ભાર મૂકીશું તો જ આપણે વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવી શકીશું. તેમણે ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ અમૃત મહોત્સવ તરીકે ઉજવવાની આપણને તક મળવાની છે તેનો ઉલ્લેખ કરતા કહ્યુ કે, આ માટે વિકસિત ગુજરાતનો રોડમેપ તૈયાર કરવામાંઆવી રહ્યોછે. તેમણે કહ્યું હતું કે, ખૂબ સારી નાણાકીય સ્થિતિ – શિસ્ત સાથે આગળ વધતું હોય એ આપણું ગુજરાતરાજ્ય છે. નીતિઆયોગ મુજબ સમગ્ર દેશમાં પ્રથમહરોળમાંજો કોઈ રાજ્ય હોય તો એ ગુજરાત છે. ગુજરાતમાં આ વર્ષે ઉજવાઈ રહેલા શહેરી વિકાસ વર્ષમાંપ્રજાજનોને વધુસારી સુવિધા ઉપલબ્ધ થાય તે માટે ખૂબ સારું ભંડોળ ફાળવવામાં આવી રહ્યું છે. તેનો ખૂબ સારો ઉપયોગ કરી અને પ્રજાજનોનેમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાંઆવી રહીછે. આ એક દિવસીય ચિંતન શિબિરમાં જે સારું લાગ્યું હોય તે તમારા વિસ્તારમાં નાગરિકો સુધી પહોંચાડીને શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો. આ વેળાએ મુખ્ય સચિવશ્રી પંકજ જોષીએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતના શહેરો સ્વચ્છતાક્ષેત્રે દેશમાંઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે. રાજ્યના શહેરને સ્વચ્છ અને નિર્મળ બનાવવા મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શહેરોની વિવિધ સહાય આપવામાં આવે છે. જેના પરિણામે ''ગાર્બેજ ફ્રી સિટી સર્વેક્ષણ'' માં ગુજરાતના ૨૬ શહેરોને ગાર્બેજ ફ્રીસર્ટિફિકેટ પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત ''રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલ''ની થીમ પર યોજાયેલા 'સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪-૨૫'માં ગુજરાતના શહેરોએ સરેરાશ કુલ ૧૨,૫૦૦માંથી ૮,૧૦૦થી વધુ માર્ક્સ પ્રાપ્ત કરીને સમગ્ર દેશમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે, જે ગત વર્ષે આઠમો ક્રમ હતો. તેમણે સ્વચ્છતા સર્વેક્ષણની વિવિધશ્રેણીમાં વિજેતા બનેલા અમદાવાદ, સુરત, ગાંધીનગર અને વડોદરા શહેરને અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ, આગામી સ્વચ્છતાસર્વેક્ષણમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને ગુજરાતને સ્વચ્છતા ક્ષેત્રે વધુમાં વધુ આગળ લઈ જવા તેમણે સૌને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શાબ્દિક સ્વાગતકરતા શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. થેન્નારસને જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા ત્યાં પ્રભુતાના મંત્રને અનુલક્ષીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪માં 'સ્વચ્છ ભારત મિશન'ની શરૂઆત કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે સ્વચ્છતા અભિયાનમાં લીડ લઈને પરિણામલક્ષી કામગીરી કરી છે, જેની તેમણે વિસ્તૃત ભૂમિકા આપી હતી. જ્યારે, સ્વચ્છ ભારત મિશન ડાયરેક્ટર શ્રી એમ. નાગરાજને આભારવિધિ કરી હતી. આ સમારોહમાં ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશનના કમિશનર શ્રી રેમ્યા મોહન, રાજ્યની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના હોદ્દેદારો, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને ધી પાટણ જિલ્લા સહકારી ખરીદ અને વેચાણ સંઘ લિમીટેડની ૨૫મી વાર્ષિક સાધારણ સભા તથા ઈફકો પાટણ દ્વારા આયોજિત પાક પરિસંવાદ અને સહકાર સંમેલનનો ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ખેડૂત કલ્યાણ, ખેતીમાં ટેકનોલોજીનો ઉપયોગ, સહકારી સંસ્થાઓની ભૂમિકા તથા ગ્રામ્ય વિકાસ જેવા અગત્યના મુદ્દાઓ પર મહત્વપૂર્ણ ચર્ચા થઈ. રાજ્યના સહકારી વિકાસમાં આ પ્રકારના સંમેલનો માઇલસ્ટોનરૂપ સાબિત થાય છે. માન. સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ દેશમાં સહકારના ક્ષેત્રે એક નવી ઓળખ ઊભી થઈ રહી છે. તેમના વિઝન અને દૃઢ નેતૃત્વના પરિણામે ભારતનો સહકારી ક્ષેત્ર વધુ મજબૂત અને શક્તિશાળી બન્યો છે. કૃષિ અને ગ્રામ્ય વિકાસ માટે સહકાર મંચ એક સંવેદનશીલ અને વ્યાવસાયિક માધ્યમ બની રહ્યું છે. આ કાર્યક્રમમાં શ્રી સ્નેહલભાઈ પટેલ - ચેરમેન, APMC પાટણ, શ્રી કરશનજી જાડેજા - ચેરમેન, ધી પાટણ જિલ્લા સહકારી ખરીદ અને વેચાણ સંઘ લિમિટેડ, શ્રી દશરથજી ઠાકોર, શ્રી કેશુભા પરમાર, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી ભોજાભાઇ આહીર, શ્રી બાબુજી ઠાકોર, શ્રી જશુભાઈ પટેલ, શ્રી અજયભાઈ પટેલ, શ્રી મહીપતસિંહ રાજપુત, શ્રી મહિપતસિંહ જાડેજા, શ્રી દેવાભાઈ દેસાઈ, શ્રી ઉદાભા રાજપૂત, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી ભરતસિંહ વાઘેલા, સંઘના ડિરેક્ટરશ્રીઓ, સહકાર મંડળીના પ્રમુખ અને મહામંત્રીશ્રી, સહકારી આગેવાનો, વેપારી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

સંતરામપુર નગર મોટા બજાર ખાતે કેબિનેટ શિક્ષણ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડિંડોરે આધશક્તિ મા અંબાની આરાધનાના મહાપર્વ "નવરાત્રિ મહોત્સવ" માં ચોથા નોરતે ઉપસ્થિત રહી માતાજીની આરતી કરી દર્શન કરવાનો તથા ગરબાની રમઝટ નિહાળવાનો લ્હાવો લીધો. આ તકે સંતરામપુર નગર પ્રમુખશ્રી નિતીનભઈ રાણા, નગરપલિકા કારોબારી અધ્યક્ષશ્રી નેહલભાઈ મહેતા,નગર પૂર્વ પ્રમુખશ્રી સંદીપ ભોઈ, કોર્પોરેટરશ્રીઓ સહિત સ્થાનિક આગેવાનો, નવરાત્રિ મહોત્સવના આયોજકો,વડીલો સહિત મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના કુશળ અને રાષ્ટ્રહિતેષી નેતૃત્વમાં દેશભરમાં સ્વદેશી અપનાવવાના પ્રયાસો અત્યંત પ્રેરણાદાયક બની રહ્યા છે. આજે સંતરામપુર સ્થિત અમરદીપ સોસાયટી સ્થિત કેબિનેટ શિક્ષણ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડિંડોરે પોતાના નિવાસસ્થાનેથી સ્વદેશી અભિયાનના સ્ટીકર્સ લગાવીને શુભ શરૂઆત કરી. આત્મનિર્ભર ભારત'ના સપનાને સાકાર કરવા માટે આપણી પસંદગી સ્વદેશી વસ્તુઓ પર હોવી જોઈએ. આ અભિયાનમાં દરેક નાગરિક અને વેપારી સંગઠનનો સહયોગ આવશ્યક છે, ત્યારે સૌ મળીને હર ઘર સ્વદેશી, દરેક ખરીદી સ્વદેશી – આ સંદેશને પ્રત્યેક ગામ, શહેર અને પરિવાર સુધી પહોંચાડીએ.

કમલમ્,

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે સમગ્ર દેશમાં 'સેવા પખવાડિયા'ની ઉજવણી થઈ રહી છે જે અંતર્ગત મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ચુથાના મુવાડા ખાતે ધિ ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના સહયોગથી આયોજિત "વિના મૂલ્યે કેન્સર સ્ક્રિનિંગ કેમ્પ" નો પ્રારંભ કેબિનેટ શિક્ષણ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડિંડોરે કરાવ્યો. વિસ્તારના નાગરિકોને આ કેમ્પનો લાભ લેવા અપીલ કરી, તેમની સાથે સંવાદ કર્યો અને મેડિકલ ટીમ સાથે ચર્ચા કરી નાગરિકોને શ્રેષ્ઠ સારવાર મળે તે માટે માર્ગદર્શન આપ્યું. કેન્સરની ઘાતક બીમારી આજે માણસજાત સામે મોટો પડકાર બની છે અને તેના ઈલાજ માટે દુનિયાભરમાં સંશોધનો હાથ ધરાઈ રહ્યા છે. સંતુલિત જીવન, ઝડપી નિદાન અને યોગ્ય સારવારથી કેન્સર પર વિજય સંભવ છે. આવો, આપણે સૌ કેન્સર અંગે વધુ જાગૃત બની તેની સામેના જંગને મજબૂત બનાવીએ.

કમલમ્,

સંતરામપુર નગર એલ.આઈ.સી ઓફીસની સામે ગાયત્રી સોસાયટી મંડળ " માં શક્તિ નવરાત્રી મહોત્સવ ખાતે કેબિનેટ શિક્ષણ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડિંડોરે આધશક્તિ મા અંબાની આરાધનાના મહાપર્વ "નવરાત્રિ મહોત્સવ" માં પાંચમાં નોરતે ઉપસ્થિત રહી માતાજીની આરતી કરી દર્શન કરવાનો તથા ગરબાની રમઝટ નિહાળવાનો લ્હાવો લીધો. આ તકે સંતરામપુર APMC ચેરમેનશ્રી શાંતીલાલ પટેલ, જયંતીભાઈ પટેલ, બિપીનભાઈ પટેલ, સચિન શાહ સહિત સ્થાનિક આગેવાનો, નવરાત્રિ મહોત્સવના આયોજકો,વડીલો સહિત મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

સંતરામપુર નગર અમરદીપ સોસાયટી (બેંક ઓફ બરોડા સામે) ખાતે કેબિનેટ શિક્ષણ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડિંડોરે આધશક્તિ મા અંબાની આરાધનાના મહાપર્વ "નવરાત્રિ મહોત્સવ" માં પાંચમાં નોરતે ઉપસ્થિત રહી માતાજીની આરતી કરી દર્શન કરવાનો તથા ગરબાની રમઝટ નિહાળવાનો લ્હાવો લીધો. આ તકે સંતરામપુર નગર પાલિકા ઉપપ્રમુખશ્રી જીતેન્દ્રસિંહ ઝાલા,APMC ચેરમેનશ્રી શાંતીલાલ પટેલ, કોર્પોરેટરશ્રીઓ સહિત સ્થાનિક આગેવાનો, નવરાત્રિ મહોત્સવના આયોજકો,વડીલો સહિત મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

સંતરામપુર તાલુકાના માંચોડ મુકામે કેબિનેટ શિક્ષણ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડિંડોરે માંચોડ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શ્રીમતિ ગંગાબેન બાબુભાઇ બારીયાના વય નિવૃતિ સન્માન સમારોહ પ્રસંગે ઉપસ્થિત રહી વય નિવૃતિ બાદનું જીવન નિરોગી રહે તેવી શુભકામનાઓ તેમજ તેમના આગળના ઉજ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી આ તકે સંતરામપુર તાલુકા મંડળના પૂર્વ પ્રમુખશ્રી બળવંતભઈ પટેલીયા,બિપીનભાઈ પટેલ અને શાળાના આચાર્યશ્રી, શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત પાર્ટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્ય શિક્ષણ મંત્રી અને કામરેજવિધાનસભાના ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની રજૂઆતથી કામરેજવિધાનસભામાં ૩.૮ કરોડના ખર્ચે વિકાસના નવા ૩ માર્ગ રિસરફેસિંગ માટે મંજૂર

કામરેજ વાવ રોડ, ખોલવડ-લસકાણા રોડ અને ચોર્યાસી એપ્રોચ રોડના ૬.૫૨ કિ.મી. લંબાઈના માર્ગો ૩.૮ કરોડના ખર્ચે મંજૂર

માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં 'વિકસિત ગુજરાત'ના આપણા સહિયારા સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકાર નિરંતર કાર્યરત છે :- શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા

કમલમ્,

માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૃઢ નેતૃત્વ હેઠળ "વિકસિત કામરેજ"ના ધ્યેય સાથે માર્ગ અને મકાન વિભાગ દ્વારા પંચાયત હસ્તકના વર્ષ ૨૦૨૫-૨૬ હેઠળ ૩.૮ કરોડના ત્રણ મુખ્ય માર્ગ રિસરફેસિંગ માટે મંજૂર કરાયાછે. આપ્રોજેક્ટો હેઠળ નીચેના રિસરફેસિંગ માર્ગોનું નિર્માણ થશે:

(૧) કામરેજ વાવ રોડ
(૨)ખોલવડ-લસકાણા રોડ
(૩) ચોર્યાસી એપ્રોચ રોડ

કુલ ૬.૫૨કિ.મી. લંબાઈના માર્ગો ૩.૮ કરોડના ખર્ચે આ રિસરફેસિંગ માર્ગોના નિર્માણથી સ્થાનિક વાસીઓની મુસાફરી વધુ સુગમ બનશે અને રોજિંદી જીવનની સુવિધા વધશે. આ તકે રાજ્ય મંત્રી અને કામરેજ વિધાનસભાના ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈપાનશેરીયાએ જણાવ્યું કે માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કામરેજ સહિત સમગ્ર ગુજરાત સર્વાંગીણ વિકાસ તરફ આગળ વધી રહ્યું છે.

'વિકસિત ગુજરાત'ના આપણા સહિયારાસંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકાર નિરંતર કાર્યરત છે વધુમાં શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યુ કે, આ પ્રકારના માર્ગ નિર્માણ કામો આપણા સમૃદ્ધ અને સુગમ કામરેજ તરફના પ્રયત્નોને વધુ મજબૂત બનાવશે.

વિકાસના આ પગલાં અમનેસમૃદ્ધ, સુગમ અને વિકસિત કામરેજ તરફ લઈ જશે.

આ માર્ગ નિર્માણ થી લોકલ પરિવહન અને સુવિધા સુધરશે :- શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા